## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




પેલા લોકો કહે છે... પકોડા બનાવો... અને તમે દબાણવાળા અમને હેરાન કરો છો....

# સ્થાયી સમિતિનું બજેટ ૨૮૨ કરોડનું નથી : અંકિત બારોટ

### બજેટમાં અસંખ્ય મુદ્રણ દોષ પણ જોવા મળી રહ્યો છે : ૧૪માં નાણાંપંચની ગ્રાન્ટનો ઉલ્લેખ કરાયો નથી : આવકના અંદાજો ખોટા છે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિ દ્વારા સુધારા સાથે સામાન્ય સભામાં રજુ થનારૂ બજેટ ૨૮૨ કરોડનું નહિ હોવાના ગંભીર આક્ષેપો સાથે કોંગી કાઉન્સીલરે બજેટમાં અસંખ્ય મુદ્રણ દોષ હોવાનું જણાવી તે અંગે સામાન્ય સભામાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવે તેવી માંગ કરી છે.

મ્યુનિ. કમિશ્નરશ્રીને મોકલેલ એક લેખિત પત્રમાં અંકિત બારોટે જણાવ્યું છે કે ડોર ટુ ડોર કલેકશન ચાર્જ લગાવી વેરાનું ભારણ પ્રજા પર લાદવુ યોગ્ય નથી. સામાન્ય માણસ આ બજેટના કેન્દ્રમાં નથી અને તેને કોઈ ફાયદો થશે તેવી જોગવાઈઓ નહિવત્ છે.

તેમણે તેમના પત્રમાં જણાવ્યું છે કે સે. ૨૮માં આવેલ બગીચાની મીની ટ્રેઈનની આવક રૂ. ૮ લાખ બતાવવામાં આવી છે પરંતુ ટ્રેઈન છેલ્લા છ મહિનાથી ટ્રેઈન બંધ છે તો આ આવક ક્યાંથી થશે ? તેમણે એમ પણ જણાવ્યુ છે કે ૧૪મા નાણાં પંચ દ્વારા મળનારી ગ્રાન્ટનો ઉલ્લેખ અંદાજપત્રમાં કરાયો નથી.

સ્થાયી સમિતિએ ડોર ટુ ડોર કલેક્શનના દરમાં ઘટાડો સૂચવ્યો તે પછી બજેટનું કદ રૂ. ૨૮૨ કરોડનું રહેતુ જ નથી અને સ્થાયી સમિતિ ૨૮૨ કરોડનું બજેટ રજુ કરનાર છે તે વાત હજુ ગળે ઉતરતી નથી. ક્ષેત્રફળ આધારિત સફાઈવેરાની વાતને છુપાવવાનો પ્રયાસ કરાયો હોય તેવુ ચિત્ર ઉપસે છે. આમાં ખરેખર કેટલા નગરજનોને ફાયદો થશે તેનો ઉલ્લેખ પણ કરાયો નથી. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર તેમજ રિઝર્વ બેંક વ્યાજના દર સતત ઘટાડી રહી છે ત્યારે વ્યાજની આવકના અંદાજો જે દર્શાવાયા છે તેમાં પણ ઘટાડો થશે. આ ઉપરાંત સે. ૨૮ના બગીચામાં ચાલતી નૌકા વિહારની રાઈડની આવક રૂ. ૫ લાખ દર્શાવવામાં આવી છે પણ ત્યાં જે રીતે અણધડ વહીવટ ચાલે છે અને ગેરરીતિ થાય છે તે કારણોને જોતાં આ આવકના અંદાજો પણ ખોટા દર્શાવાયા હોવાનું જણાવ્યું છે.

અંદાજપત્રની જે પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે તેમાં ઘણી બધી બાબતોમાં મુદ્રણ દોષ જોવા મળી રહ્યો છે. આમ આપે રજુ કરેલ ડ્રાફ્ટ બજેટ અને સ્થાયી સમિતિએ રજુ કરેલા બજેટમાં અનેક વિસંગતતાઓ જોવા મળી રહી છે તો તેના પર સામાન્ય સભામાં ચર્ચા થાય તેવો મારો આગ્રહ છે.

# પાટનગરમાં સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલની હિલચાલ

ગાંધીનગર, તા.૧૩

પાટનગરની સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. દર્દીઓથી ઓપીડી અને ઈન્ડોર બિલ્ડીંગ ઉભરાય છે. ત્યારે હદયરોગ, કીડની અને કેન્સર સહિતની અન્ય ગંભીર બિમારીઓના દર્દીઓને સેવા અને સારવાર માટે ગાંધીનગર સિવિલથી દર્દીઓને અમદાવાદ સિવિલ મોકલવામાં આવે છે. રાજયના પાટનગર ગાંધીનગરમાં આસપાસના જિલ્લાના દર્દીઓ પણ મોટીસંખ્યામાં સારવાર માટે આવે છે. ત્યારે ગાંધીનગરમાં સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ બને તે માટે સરકારના અધિકારીઓ દ્વારા અગાઉ મંત્રી કક્ષાએ નકશો મુકવામાં આવ્યો હતો. પરંતુ જે તે સમયે સરકારે આ નકશા વિશે વિચાર પણ કર્યો ન હતો. જયારે હવે પાટનગરમાં સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ નિર્માણ થાય તે માટે આરોગ્ય વિભાગ અને તબિબિ શિક્ષણ વિભાગમાં મથામણ ચાલી રહી છે. જેને અનુલક્ષી આરોગ્ય-તબિબિ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય અગ્ર સચિવ તેમજ અધિક નિયામક સહિતના ઉચ્ચ અધિકારીઓ ગાંધીનગર સિવિલની મુલાકાત કરી હતી.જેમાં સિવિલ કેમ્પસમાં હોસ્પિટલના ગેટની પાસે આવેલ ઓડીટોરીયમ પાછળની ખુલ્લી જગ્યામાંસુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ બનાવવા માટે સ્થળની ચકાસણી કરી હતી. હાલના સમયે સ્થળની પસંદગી કરવામાં આવી નથી. પરંતુ અહી સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ બને તો શહેરમાં નવી સેવાઓમાં વધારો થાય તેવો મત અધિકારીઓએ વ્યકત કર્યો હતો.ઉપરાંત ઉચ્ચ અધિકારીઓએ સિવિલ હોસ્પિટલના કાર્યરત ડી.ઈ.એફ. અને જી બ્લોકની મુલાકાત લીધી હતી અને આ સ્થળ પર આગામી સમયમાં આ જર્જરીત થયેલી ઈમારત તોડી પાડીને નવી ઈમારત બનાવવામાં આવશે.ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મેડીકલ કોલેજ છે ત્યારે આ મેડીકલ કોલેજ દ્વારા પીજી ના કોર્સ માટે સિવિલ હોસ્પટલમાં જ નેફ્રોલોજીસ્ટ, ન્યુરોલોજીસ્ટ, કાર્ડીયોલોજીસ્ટ, સહિત અન્ય સુપર સ્પેશ્યાલીસ્ટની ભરતી કરવા માટે સરકારને લેખિત માંગણી કરાઈ છે. જેને પગલે સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરોની ઓપીડી તો ચાલુ વર્ષથી શરુ થઈ જાય તેમ લાગી રહ્યું છે. ત્યારે ગાંધીનગર સિવિલ કેમ્પસમાં જ સુપરસ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ બનેતો વધુ દર્દીઓને લાભ મળે તેમજ અમદાવાદ સિવિલ હોસ્પિટલનો ધસારો પણ ઓછો થાય. બજેટમાં આ અંગે જોગવાઈ પણ કરવામાં આવનાર છે. ઉલ્લેખનીય છે કે પાટનગરમાં સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ સરકાર બનાવવા જઈ રહી છે ત્યારે આ ખુબ જ અગત્યનો પ્રોજેકટ હોવાના કારણે નાયબ મુખ્ય પ્રધાન પણ મુલાકાત લેવા માટે સિવિલ ખાતે પધારવાના હતા પરંતુ કોઈ કારણો સર તેઓ ગાંધીનગર સિવિલ ખાતે આવ્યા ન હોતા. પરંતુ સિવિલમાં આવેલા ઉચ્ચ અધિકારીઓ સાથે જીએમઈઆરએસના ડો. જે.જી. બુચ, પાટનગર મેડીકલ કોલેજના ડીન ડો. અરુણ વ્યાસ, સિવિલના તબિબિ અધિક્ષક ડો. બિપિન નાયક સહિત પીઆઈયુ વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.



ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ કિસાનનગર શોપીંગ સેન્ટર પાસે આવેલા રહેણાંક મકાનના દરવાજાનો નકુચો તોડી ચોર ઈસમ રોકડ રૂપિયા સહિતની ચીજવસ્તુ લઈ પલાયન થઈ ગયા છે. આ પરિવાર લગ્ન પ્રસંગે બહારગામ ગયો હતો તે દરમિયાન આ બનાવ બનવા પામ્યો છે. સે. ૨૬ કિસાનનગરમાં ચોરીની ઘટનાને પગલે સેક્ટરમાં હોહા મચી જવા પામી હતી. પાડોશીઓએ મકાન માલિકને જાણ કરતા તેઓ પ્રસંગમાંથી ઘરે દોડી આવ્યા હતા. ચોર ઈસમોએ ઘરમાં રહેલી તમામ વસ્તુ વેર-વિખેર કરી દીધી હતી.

# રાયપુર ગામની સીમમાંથી પાંચ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના ડભોડા પાસે આવેલ રાયપુર ગામની સીમમાં આવેલ નદીના કોતરોમાં જુગાર રમતા ૫ શકુનીઓ પાસેથી મોબાઈલ તેમજ અંગ જડતી સહિત દાવ ઉપરથી મળીને કુલ રૂ.૬૭૬૫ ના મુદામાલ સાથે ગાંધીનગર એલસીબી પોલીસે ઝડપી પાડી બનાવ અંગે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લામાં દારુ-જુગારની ડ્રાઈવ ચાલી રહી છે જેને પગલે પોલીસ તંત્રની વિવિધ ટીમો કાર્યરત થઈ સઘન ચેંકીગ કરી રહી છે. ત્યારે પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત તા.૧૨ ના રોજ એલસીબી પોલીસની ટીમ ડભોડા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હે.કો.રણજીતસિંહ સરદારસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે રાયપુર ગામના કોતરોમાં જુગાર રમાઈ રહ્યો છે. જેનો પગલે બાતમીવાળી જગ્યા પર એલસીબી પોલીસની ટીમે રેઈડ કરીને જુગાર રમતા દશરથ મણીભાઈ રાવળ રહે, રાયપુર ગામ રાવળવાસ તા.જી. ગાંધીનગર પોતાના સાગરીતો સાથે મળીને જુગાર રમતો અનો રમાડતો હોવાથી તેની સાથે અન્ય શકુનીઓમાં કાળાજી ઉદાજી ડાભી રહે રાયપુર, લક્ષ્મણ મણાભાઈ રાવળ રહે.રાયપુર રાવળવાસ, ભરત ખોડાભાઈ દંતાણી રહે.રાયપુરગામ, કનુજી કાળાજી ડાભી રહે. રાયપુર ગામ વિરુધ્ધ કાર્યવાહી કરીને દાવ પરથી રૂ.૬૨૫ અંગ જડતીમાંથી રૂ. ૩૧૪૦ તથા મોબાઈલ ફોન નં-૬ કિ.રૂ.૩૦૦૦ મળીને કુલ રૂ.૬૭૬૫ નો મુદામાલ કબ્જે કરીને ડભોડા ખાતે ગુનો રજીસ્ટર્ડ કરાવી આગળની તપાસ હાથ ધરી છે.

# વડાપ્રધાનની સૌજન્ય મુલાકાત લેતા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી



મુખ્યમંત્રી શ્રી વિજય ભાઈ રૂપાણીએ આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સૌજન્ય શુભેચ્છા મુલાકાત કરી હતી. મુખ્ય મંત્રીશ્રી ગઈ કાલે દિલ્હી પહોંચ્યા હતા અને રાષ્ટ્રપતિશ્રી, ઉપરાષ્ટ્રપતિશ્રીની મુલાકાત કરી હતી.આજે તેઓ પ્રધાનમંત્રીશ્રીને મળ્યા હતા.

# સિવિલમાંથી વધુ એક એકટીવા ચોરાયું

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટરોમાં તેમજ જાહેર સ્થળો અને ઘર આગળથી વાહનચોરીના બનાવો વધી રહ્યા છે. પોલીસ વાહનચોરીના બનાવ અટકાવવા મથામણ કરી રહી છે. તેમ છતા વાહનચોરીના બનાવો દિન પ્રતિદિન શહેરમાં વધી રહ્યા છે. જયારે શહેરનું સિવિલ હોસ્પિટલ વાહન ચોરી માટે જાણે સોફટ ટાર્ગેટ બની ગયું હોય તેમ લાગી રહ્યું છે. સિવિલમાંથી સમયાંતરે વાહનચોરીના બનાવો બનતા રહે છે ત્યારે તાજેતરમાં પેથાપુરથી સંબંધીની ખબર અંતર પુછવા આવ્યા હતા તે સમય દરમિયાન એકટીવા ચોરાઈ જતા સેકટર-૭ પોલીસ મથકે ફરિયાદ થતા પોલીસે વધુ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુરના સંજરી પાર્કમાં રહેતા જુબેરભાઈ કુરેશી સેકટર-૨૧ ખાતે નોનવેજની લારી ચલાવે છે.તેઓ પોતાના સંબંધીની ખબર કાઢવા માટે ગત તા.૯ ના રોજ સિવિલ ગયા હતા. જુબેરભાઈએ પોતાનું એકટીવા જીજે ૧૮ સીજે ૧૧૪૫ સિવિલના નવા બિલ્ડીંગ પાસે પાર્ક કર્યુ હતું. સાંજે ૬ કલાકે દર્દીની ખબર કાઢવા ગયેલા જુબેર ભાઈ બે કલાક પછી પરત નીચે આવ્યા હતા. તેઓ એકટીવા જે સ્થળ પર મુક્યું હતું તે સ્થળ પર જતા જોયું તો એકટીવા ગાયબ હતું. બે દિવસની શોધખોળ અને તપાસ કરતા એકટીવા ન મળતા તેઓએ એકટીવા ચોરાઈ જવાની ફરિયાદ સેકટર-૭ પોલીસ મથકે નોંધાવા પામી છે.

# આઈસીએઆઈનાં પ્રેસિડેન્ટ તરીકે સીએ નવીન એનડી ગુપ્તા

### વાઇસ પ્રેસિડેન્ટ તરીકે સીએ પ્રફુલ પી. છાજેડ





અમદાવાદ, તા. ૧૩

ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ની તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૮નાં રોજ યોજાયેલી મીટિંગમાં વર્ષ ૨૦૧૮-૧૯ માટે સીએ નવીન એનડી ગુપ્તા અને વાઇસ પ્રેસિડેન્ટ તરીકે સીએ પ્રફુલ પી છાજેડ ચુંટાઈ આવ્યા છે.

દિલ્હી સ્થિત સીએ નવીન એનડી ગુપ્તા ૨૨ વર્ષનો વ્યવસાયિક અનુભવ ધરાવે છે. તેઓની ઈન્કમ ડિસ્કલૉઝર ૨૦૧૬માં મહત્વની ભૂમિકા રહી હતી. તેઓ આઈસીએઆઈની સેન્ટ્રલ કાઉન્સિલના છેલ્લા નવ વર્ષથી મેમ્બર છે. મુંબઈ સ્થિત સીએ પ્રફુલ પી છાજેડ ૨૦ વર્ષનો વ્યવસાયિક અનુભવ ધરાવે છે. તેઓ ઓડિટીંગ અને ટેક્સેશનમાં નિપૂણતા ધરાવે છે.

# વાવોલ ખાતે કોંગ્રેસના ચૂંટણી કાર્યાલયોનો શુભારંભ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીઓનો ગ્રામ્ય વિસ્તારમાં માહોલ જામતો જાય છે. વાવોલમાં કોંગ્રેસના ઉમેદવાર કુબેરસિંહ ગોલ અને બંકીમકુમાર ઠાકોરના મધ્યસ્થ ઉમેદવારોએ તેમના ચૂંટણી કાર્યાલયોનો પ્રારંભ કરી પ્રચારને વેગવંતો બનાવ્યો છે. વાવોલમાં આજે સવારે ૯ કલાકે અંકુર એપાર્ટમેન્ટ સામે કોંગ્રેસના વાવોલ-૨ના યુવાન ઉમેદવાર બંકીમકુમાર



કુબેરસિંહ ગોલના ચૂંટણી કાર્યાલયનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તર બેઠકના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, રાજપૂત સમાજના પૂર્વ પ્રમુખ તથા પૂર્વ સરપંચ વિક્રમસિંહ ગોલ, ચૂંટણી કાર્યાલયોનું ઉદ્ઘાટન આજે સવારે યોજાયું હતુ. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ઉપસ્થિત રહી કાર્યકરો તથા ગ્રામજનોને કોંગ્રેસને જંગી બહુમતીથી જીતાડવા અપીલ કરી હતી.

વાવોલમાં તાલુકા પંચાયતની ચૂંટણીઓનો જંગ શરૂ થઈ ગયો છે. બંને રાજકીય પક્ષોના ઠાકોરના ચૂંટણી કાર્યાલયનો શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, અગ્રણી વડીલ મહમંદશાહ દિવાન તથા અગ્રણી કાર્યકર અને પંચાયત સદસ્ય દેવેન્દ્રસિંહ ગોલ ઉપસ્થિત રહ્યા હતા. આશરે ૧૦ કલાકે ગ્રામ પંચાયત નજીક ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ વિક્રમસિંહ ખાચર, પૂર્વ તાલુકા સદસ્ય અમરસિંહ ગોલ, સરપંચ નગીનભાઈ નાડિયા, ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા, ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ મહામંત્રી રાકેશભાઈ જાની સહિત અગ્રણી કાર્યકરો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# સે-૧૩ ખાતે મહિલાના ગળામાંથી દોઢ તોલાના દોરાની ચીલ ઝડપ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં ચોર ઈસમોએ તરખાટ મચાવી દીધો છે. શહેરના મકાન તો ઠીક હવે ગાડીઓ પણ સલામત રહી નથી તેવો ઘાટ સર્જાયો છે. ચોર ઈસમો પોલીસને રીતસર પડકાર ફેંકતા હોય તેવું લાગી રહ્યું છે. ઘરફોડીયા કે વાહનમાંથી ટાયર ચોરનારા પકડાયા નથી ત્યાં આજે ચેઈન સ્નેચીંગનો કેસ બનવા પામ્યો છે. જેમાં સેકટર-૧૩ પોલીસ ચોકી ખાતેથી પસાર થઈ રહેલી મહિલાન ગળામાંથી દોઢ તોલાનો સોનાના દોરાની ચીલ ઝડપ થવા પામી છે. મહિલાએ બુમાબુમ કરતા આસપાસના નાગરીકો એકઠા થઈ ગયા હતા પરંતુ આ ચોર ઈસમો પલવારમાં પલાયન થઈ ગયા હતા.

ગાંધીનગર શહેરમાં થોડા વર્ષ અગાઉ ચેઈન સ્નેચરોએ તરખાટ મચાવ્યો હતો. મહિલાઓ ઘરમાંથી એકલી બહાર જવા પણ ડર અનુભવતી હતી. પરંતુ શહેરના માર્ગો પર ઠેકઠેકાણે લગાવેલા સીસીટીવી કેમેરાને પગલે ચોર તત્વો પકડાઈ જવાના ભયને કારણે દોરાની ચીલ ઝડપી બંધ કરી હોય તેમ લાગી રહ્યું હતું. ચોર ઈસમોએ સીસીટીવી કેમેરાની નજરથી બચવા મુખ્ય માર્ગો તેમજ ભીડભાડવાળી જગ્યાને સ્થાને શહેર આસપાસના વિસ્તારો તેમજ સાઈડના સેકટરોના આંતરીક માર્ગો પર પસાર થતી મહિલાઓને નિશાન બનાવી રહ્યા છે. ત્યારે સેકટર-૧૩ ખાતે એરફોર્સના અધિકારીના પત્નિ ગત તા.૬ ના રોજ પોલીસ ચોકી તરફ ચાલતા જતા હતા તે દરમિયાન સાંજે ૬.૩૦ કલાકની આસપાસ બાઈક પર આવેલા બે ઈસમોએ મહિલાના ગળામાંથી દોઢ તોલાનો સોનાનો દોરો તોડીને પળવારમાં પલાયન થઈ ગયા હતા. દોરો તુટવાની ઘટનાને પગલે સમગ્ર સેકટરમાં હોહા મચી જવા પામી હતી.

# આજે મોટેરામાં ગુરૂકુલ ખાતે માતૃ-પિતૃ પુજન દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૩

અમદાવાદમાં મોટેરા સ્થિત આશારામ ગુરૂકુલ ખાતે આજે માતૃ-પિતૃ પુજન તથા વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવશે.

૧૪મી ફેબ્રુઆરીએ યોજાનારા આ કાર્યક્રમમાં સંસ્થાના પરિસરમાં સવારે ૮.૩૦ થી ૯.૩૦ સુધી શિક્ષક-વાલીઓ વચ્ચે પરિચર્ચા યોજાશે. માતૃ-પિતૃ પુજન તથા વાર્ષિકોત્સવમાં અતિથિ તરીકે ગાંધીનગર જિલ્લા રમત-ગમત અધિકારી વિશ્વામિત્ર દત્તા તેમજ ગુજરાત વિદ્યાપીઠના સમાજસેવી પ્રા. હર્ષદ યાજ્ઞિક ઉપસ્થિત રહેશે. ગુરૂકુલનો સાંસ્કૃતિક કાર્યક્રમ અને ઈનામ વિતરણ સમારોહ ૧૨.૩૦ કલાકે યોજાશે. આ ઉપરાંત, બપોરે પુજન કાર્યક્રમ યોજાશે. અમદાવાદના મોટેરા ખાતે આવેલી આશારામજી ગુરૂકુલમાં મુખ્ય અતિથિના પ્રવચન તથા આરતી સાથે કાર્યક્રમનું સમાપન થશે.

# લાડોલ હરસિદ્ધિ શકિતપીઠ ખાતે ૧૩૧મા પાટોત્સવનો પ્રારંભ

### સુવર્ણ સિંહાસન અર્પણ સાથે શિવ-શકિતના ૩ કરોડ મંત્રોનો હોમ થશે

ગાંધીનગર, તા.૧૩

હરસિધ્ધિ શકિતપીઠ લાડોલ ખાતે તા.૧૩ ફેબ્રુઆરીથી તા. ૪ માર્ચ દરમિયાન ૧૨૧ કુંડાત્મક દ્વાદશ જયોર્તિલિંગાત્મક દ્વાદશ અતિરુદ્ર મહાયાગનું આયોજન કરવામાં આવ્યુ છે. જેને અનુલક્ષી માતાજીના ૧૩૧માં પાટોત્સવની ઉજવણી તેમજ સુવર્ણ સિંહાસન અર્પણ અને શિવ-શકિતના ૩ કરોડ મંત્રોનો હોમ કરાશે. ૨૧ દિવસ ચાલનારા મહાયાગમાં લાખો ભક્તો હાજર રહીને દર્શનનો લાભ મેળવશે.જયારે વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમને પગલે લાડોલ ગામનું વાતાવરણ ધાર્મિકમય બની જશે.

વિજાપુર તાલુકાના લાડોલમાં બિરાજમાન હરસિદ્ધિ માતાજી મંદિરના ૧૩૧માં પાટોત્સવ નિમિતે વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૩ ફેબ્રુઆરીથી તા.૪ માર્ચ સુધી શકિતપીઠ ખાતે ત્રણ કરોડ મંત્રોનો હોમ સાથે સુવર્ણ સિંહાસન અર્પણ કરવામાં આવશે. સુવર્ણ સિંહાસન સાથેનું રાજયનું પાંચમુ મંદિર લાડોલ હરસિધ્ધિ માતાજીનું બનશે. સુવર્ણ સિંહાસન માટે મંદિરમાં લાખો રૂપીયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે ૩ કરોડ હોમમાં ૧૫ લાખ રૂપીયાના તલની આહુતી આપવામાં આવશે.ઉપરાંત ૧૨૧ કુંડાત્મક દ્વાદશ જયોતિલિંગાત્મક દ્વાદશ અતિરૂદ્ર મહાયાગ મંદિર પરિસર ખાતે યોજાશે. તા.૨૮ ફેબ્રુઆરી સુધી શિવશકિતના મંત્રોનું હોમ થશે. ત્યારે તા.૨૨ થી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન બપોરે ૩.૩૦ થી ૬ કલાક દરમિયાન જુદા-જુદા સાધુસંતોની વાણીનો લાભ ભકતોને મળશે.

જયારે તા.૧ માર્ચના રોજ ૧૦૮ કળશ દ્વારા નગરયાત્રા, રાત્રે ૮.૩૦ કલાકે હેમંત ચૌહાણ દ્વારા ભજન અને સંતવાણી, તા.૨ માર્ચના રોજ રાસ-ગરબા, ૧૦૮ કળશ દ્વારા મહાઅભિષેક, તા.૩ માર્ચના રોજ સવારે ૯.૧૫ કલાકે સુવર્ણ સિંહાસન અર્પણ વિધિ તેમજ બપોરે ૩ કલાકે માતાજીની નગરયાત્રાના ચઢાવા તેમજ દાતાઓનું સન્માન કરવામાં આવશે.

ત્યારબાદ માતાજીના પુસ્તકનું વિમોચન અને વેબસાઈટ તથા મોબાઈલ એપ્લીકેશનનું લોકાર્પણ અને રાત્રે રાસ-ગરબા, તા.૪ ના રોજ યજમાનો દ્વારા માતા-પિતાની પુજા, અન્નકૂટ દર્શન, ફળોત્સવ, અને ફુલોત્સવ દર્શન તેમજ બપોરે ૧૨.૩૯ કલાકે મહાયાગ પૂર્ણાહુતી કરાશે. માતાજીના ચોકમાં તા.૨૭ થી ફેબ્રુઆરીથી તા.૩ માર્ચના રોજ શાસ્ત્રી હરિપ્રકાશદાસજી દ્વારા સત્સંગનો કાર્યક્રમ અને વિવિધ પીઠના અને આશ્રમના સંતો ઉપસ્થિત રહીને આર્શિવચન પાઠવશે. હરસિધ્ધિ માતાજીના પાટોત્સવ પ્રસંગે તા.૧ થી ૪ માર્ચ સુધી રોજ સવાર-સાંજ લાખો ભકતો પ્રસાદ ગ્રહણ કરશે.જયારે છેલ્લા દિવસે ૨ લાખથી વધુ ભકતો દર્શન અને પ્રસાદનો લાભ લેશે. ૧૩૧મા પાટોત્સવ પ્રસંગે લાડોલ સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારના સૌ ધર્મપ્રેમી નાગરીકોને યજ્ઞ દર્શન તેમજ ભોજન પ્રસાદનો લાભ લેવા ટ્રસ્ટી મંડળ દ્વારા અનુરોધ કરાયો છે.